eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

**Issue 227**
**May 07, 2010**

## "સ્વર્ણિમ ગુજરાત વર્ષ–૨૦૧૦" ની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૩૦/૦૪/૨૦૧૦ના રોજ યોજાયેલ વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/ઉદઘાટનવિધિ



"સ્વર્ણિમ ગુજરાત વર્ષ–૨૦૧૦" ની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા તારીખ ૩૦/૦૪/૨૦૧૦ના રોજ નવી સિવીલ હોસ્પિટલ કંપાઉન્ડ વોલ, મજુરાગેટ, રીંગરોડ, સુરત ખાતે ૨૫૦ મીટરના કાપડ ઉપર સ્વર્ણિમ સંકલ્પ હસ્તાક્ષરનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો ...

**વધુ માટે કલીક કરો >>>>>>**



## "સ્વર્ણિમ ગુજરાત વર્ષ – ૨૦૧૦" ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૮.૪.૨૦૧૦ થી ૩.૫.૨૦૧૦ દરમ્યાન વિવિધ કાર્યક્રમોનું આયોજન

૧ લી મે ગુજરાતની સ્થાપનાને ૫૦ વર્ષ પુર્ણ થતા હોય, "સ્વર્ણિમ ગુજરાત વર્ષ – ૨૦૧૦" ની ઉજવણી અંતર્ગત સુરત શહેર સ્વર્ણિમ ગુજરાત ઉજવણી સમિતિ સાથે પરામર્સ કરી નકકી થયા મુજબ સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૮.૪.૨૦૧૦ થી ૩.૫.૨૦૧૦ દરમ્યાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહયું છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## "સ્વર્ણિમ ગુજરાત વર્ષ – ૨૦૧૦" ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા ૧.૫.૨૦૧૦ના રોજ વિવિધ ઝોનોમાં પ્રભતફેરીનું આયોજન



૧ લી મે ગુજરાતની સ્થાપનાને ૫૦ વર્ષ પુર્ણ થતા હોય, "સ્વર્ણિમ ગુજરાત વર્ષ – ૨૦૧૦" ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૮.૪.૨૦૧૦ થી ૩.૫.૨૦૧૦ દરમ્યાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહયું છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**



## "સ્વર્ણિમ ગુજરાત વર્ષ–૨૦૧૦" ની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૦૧/૦૫/૨૦૧૦ના રોજ યોજાયેલ વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/ઉદઘાટનવિધિ

"સ્વર્ણિમ ગુજરાત વર્ષ–૨૦૧૦" ની ઉજવણીની યાદગીરીરૂપે તા.૧/૫/૨૦૧૦ના રોજ સુરત મહાનગરપાલિકા ધ્વારા ૧૬ પ્રોજેકટોની ખાતમુહૂર્તવિધિ તથા ૧૦ પ્રોજેકટોની લોકાર્પણવિધિ રાખવામાં આવી હતી ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## "સ્વર્ણિમ ગુજરાત વર્ષ–૨૦૧૦" ની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૦૧/૦૫/૨૦૧૦ના રોજ સાંજે ૬.૦૦ કલાકે યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમ



૧ લી મે ગુજરાતની સ્થાપનાને ૫૦ વર્ષ પુર્ણ થતા હોય, "સ્વર્ણિમ ગુજરાત વર્ષ – ૨૦૧૦" ની ઉજવણી અંતર્ગત સુરત શહેર સ્વર્ણિમ ગુજરાત ઉજવણી સમિતિ સાથે પરામર્શ કરી નકકી થયા મુજબ સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૮.૪.૨૦૧૦ થી ૩.૫.૨૦૧૦ દરમ્યાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત તા.૧.૫.૨૦૧૦ના રોજ સાંજે ૬.૦૦ કલાકે અન્નપુર્ણા માતાના મંદિર બાજુમાં, નદી કિનારા તરફ, અડાજણ હજીરા મેઈન રોડ, ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## "સ્વર્ણિમ ગુજરાત વર્ષ–૨૦૧૦" ની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૦૨/૦૫/૨૦૧૦ના રોજ યોજાયેલ "સ્વર્ણિમ દોડ"



૧ લી મે ગુજરાતની સ્થાપનાને ૫૦ વર્ષ પુર્ણ થતા હોય, "સ્વર્ણિમ ગુજરાત વર્ષ – ૨૦૧૦" ની ઉજવણી અંતર્ગત સુરત શહેર સ્વર્ણિમ ગુજરાત ઉજવણી સમિતિ સાથે પરામર્શ કરી નકકી થયા મુજબ સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૮.૪.૨૦૧૦ થી ૩.૫.૨૦૧૦ દરમ્યાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત તા.૨.૫.૨૦૧૦ના રોજ સવારે ૭.૩૦ કલાકે "સ્વર્ણિમ દોડ" નું આયોજન વરાછા હેલ્થ સેન્ટર, વૈશાલી સિનેમા પાસે, વરાછા રોડ ખાતે કરવામાં આવ્યું હતું ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## "સ્વર્ણિમ ગુજરાત વર્ષ–૨૦૧૦" ની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૩૦/૦૪/૨૦૧૦ના રોજ યોજાયેલ વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/ઉદઘાટનવિધિ

"સ્વર્ણિમ ગુજરાત વર્ષ–૨૦૧૦" ની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા તારીખ ૩૦/૦૪/૨૦૧૦ના રોજ નવી સિવીલ હોસ્પિટલ કંપાઉન્ડ વોલ, મજુરાગેટ, રીંગરોડ, સુરત ખાતે ૨૫૦ મીટરના કાપડ ઉપર સ્વર્ણિમ સંકલ્પ હસ્તાક્ષરનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સૌ પ્રથમ મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ હસ્તાક્ષર કરી કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો.




તે સાથે જ નવી સીવીલ હોસ્પીટલ, સુરત ખાતે મા.અધ્યક્ષશ્રી શશીકાંત દાળીયાના વરદહસ્તે ફુટ ઓવરબ્રિજની ખાતમુહૂર્તવિધિ કરવામાં આવી હતી. અંદાજે રૂા.૬૫.૫૪ લાખના ખર્ચે તૈયાર થનાર આ ફુટ ઓવરબ્રિજની લંબાઈ ૬૦ મીટર છે. અને પેસેજની પહોળાઈ ૬.૦૦ મીટર છે. અને બંને તરફ દાદર અને લિફ્ટની સુવિધાવાળો રહેશે. દાદરની પહોળાઈ ૨.૫૦ મીટરની છે.

તે ઉપરાંત સરદાર સ્મૃતિ ભવનની બાજુમાં, ક્રાંતિમેદાન, વરાછા, સુરત ખાતે નવા બંધાયેલ મલ્ટીલેવલ પાર્કિંગનું મા. અધ્યક્ષશ્રી,જાહેર બાંધકામ સમિતિ,શશીકાંત દાળીયાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ મલ્ટીલેવલ પાર્કિંગમાં બેઝમેન્ટ ઉપરાંત ભોંયતળીયું, પ્રથમ અને બીજા માળનો સમાવેશ કરવામાં આવેલ છે. જેમાં બેઝમેન્ટમાં ૯૦ કાર, ભોંયતળીયે ૯૦ કાર, પ્રથમ માળ ઉપર ૨૦૫ દ્વીચકી વાહનો અને બીજા માળે ૩૧૮ દ્વીચકી વાહનો પાર્ક કરી શકાશે.




આજ સ્થળે સુરત ડાયમંડ એસોસીયેશનના મા.પ્રમુખશ્રી રોહિતભાઈ મહેતાના વરદહસ્તે વિકાસમેળો–૨૦૧૦ ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ વિકાસમેળામાં વિવિધ પ્રકારના ૫૩ સ્ટોલોનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સુરત મહાનગરપાલિકાનાં સ્મીમેર હોસ્પીટલનો સ્ટોલ, આરોગ્ય ખાતુ, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના સ્ટોલોમાં તેમના વિભાગ ધ્વારા શહેરની જનતાને પુરી પાડવામાં આવતી સેવાઓ વિશે જાણકારી આપતા પોસ્ટર વગેરે રજુ કરવામાં આવેલ છે.આ ઉપરાંત આ મેળામાં ગુજરાત સરકારના વિવિધ વિભાગો, શહેરની વિવિધ શિક્ષણસંસ્થાઓ વગેરેના સ્ટોલો લોકોના આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. આ વિકાસમેળાનો લાભ લેવા જાહેરજનતાને અપીલ કરવામાં આવે છે.




ત્યારબાદ રીવરવ્યુ હાઈટસની બાજુમાં, મોટા વરાછા, સુરત ખાતે અંદાજીત રૂા.૧૦૯૦.૫૭ લાખના ખર્ચે તૈયાર થનાર ઈન્ટેકવેલની ખાતમુહૂર્તવિધિ મા.અધ્યક્ષશ્રી, પાણી સમિતિ, શ્રી પ્રવિણભાઈ મગનભાઈ પટેલના વરદહસ્તે કરવામાં આવી હતી. આ પ્રોજેક્ટથી શહેરમાં સમાવિષ્ટ નવા વિસ્તારો પૈકી કોસાડ, ઉત્રાણ, અમરોલી, મોટા વરાછા, છાપરાભાઠા, વરીયાવ વગેરેને આવરી લેવાશે અને આ ઈન્ટેકવેલ તૈયાર થવાથી વધારાનું ૧૮૮.૫૦ એમ.એલ.ડી. પાણી પ્રાપ્ત થશે.

આ તમામ કાર્યક્રમોમાં મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, ડે.મેયરશ્રી કિશોરભાઈ કાનાણી(કુમાર) મા. સ્થાયી સમિતિ ચેરમેનશ્રી મુકેશભાઈ દલાલ, મા.શાસકપક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ,મા.સાંસદશ્રી સી.આર.પાટીલ, મા.સાંસદશ્રીમતિ દર્શનાબેન જરદોષ, મા.સાંસદશ્રી રાજયસભા, શ્રી પ્રવિણભાઈ નાયક, મા.ધારાસભ્યશ્રી નાનુભાઈ વાનાણી, મા.ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાલા, ન.પ્રા.શિ.સમિતિના મા.અધ્યક્ષશ્રી રૂપીનભાઈ પચ્ચીગર, મા.કલેકટરશ્રી, મા. જોઈન્ટ પોલીસ કમિશ્નરશ્રી, મહાનગરપાલિકાની વિવિધ સમિતિઓના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ તથા જાહેર જનતા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી.

સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૧/૦૫/૨૦૧૦ના રોજ આયોજીત કાર્યક્રમોમાં સહભાગી થવા જાહેર જનતાને હાર્દિક નિમંત્રણ છે.

TOP

## "સ્વર્ણિમ ગુજરાત વર્ષ – ૨૦૧૦" ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૮.૪.૨૦૧૦ થી ૩.૫.૨૦૧૦ દરમ્યાન વિવિધ કાર્યક્રમોનું આયોજન

૧ લી મે ગુજરાતની સ્થાપનાને ૫૦ વર્ષ પુર્ણ થતા હોય, "સ્વર્ણિમ ગુજરાત વર્ષ – ૨૦૧૦" ની ઉજવણી અંતર્ગત સુરત શહેર સ્વર્ણિમ ગુજરાત ઉજવણી સમિતિ સાથે પરામર્સ કરી નકકી થયા મુજબ સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૮.૪.૨૦૧૦ થી ૩.૫.૨૦૧૦ દરમ્યાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહયું છે. જે મુજબ તા.૩૦.૪.૨૦૧૦ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે સીવીલ હોસ્પીટલ કંમ્પાઉન્ડ વોલ, મજુરા ગેટ, રીંગરોડ, સુરત ખાતે ૨૫૦ મીટર લાંબા કાપડ ઉપર સ્વર્ણિમ સંકલ્પ હસ્તાક્ષર અભિયાનનો કાર્યક્રમની શરૂઆત મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના હસ્તાક્ષરથી કરવામાં આવી હતી. શહેરના તમામ





વર્ગના નગરજનોએ ગુજરાતના વિકાસ અને પ્રગતિ માટે વિવિધ સંકલ્પો લખી હસ્તાક્ષરમાં સહભાગી થઈ બપોરે ૩.૦૦ વાગ્યા સુધીમાં આ સંપુર્ણ કાપડ લીધેલ સંકલ્પોના હસ્તાક્ષરથી ભરાઈ ગયું હતું. ત્યાર બાદ સાંજે ૬.૦૦ કલાકે દરેક ઝોન માંથી પુર્વ નિર્ધારીત સ્થળેથી મશાલરેલી નીકળી, આ તમામ રેલી સાંજે ૭.૪૫ કલાકે કિલ્લાના મેદાન, ચોક ખાતે એકત્રીત થઈ હતી. કિલ્લા ખાતે સજાવેલ ભવ્ય સામયાણામાં ગુજરાતના વીર કવિઓશ્રી નર્મદ, શ્રી ઓખો, શ્રી ઝવેરચંદ મેધાણી, શ્રી ગનીભાઈ દહીવાળા, શ્રી ભગવતીકુમાર શર્મા વિગેરેના હેન્ડ પેઈન્ટ રાખવામાં આવ્યા હતા. આવેલ તમામ મશાલ ધારકો અને જાહેર જનતાએ ભવ્ય સ્ટેજ અને કિલ્લાની દિવાલ ઉપર વંદે માતરમ, જય જય ગરવી ગુજરાત, જય જય સ્વર્ણિમ ગુજરાત જેવા જયનાદ સાથે માહોલ દેશ ભકિતમય બનાવ્યો હતો.



મ્યુ. કમિશનરશ્રી કુ.એસ.અપર્ણાએ તમામ સર્વેને આવકારી "સ્વર્ણિમ ગુજરાત વર્ષ – ૨૦૧૦" ની ઉજવણીમાં સહભાગી થવા બદલ સર્વેનો આભાર માન્યો હતો. સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, ધારાસભ્યશ્રી નાનુભાઈ વાનાણી, શાસક પક્ષ નેતાશ્રી ભીમજીભાઈ પટેલએ, ઉપસ્થિત તમામને વિવિધ સંકલ્પો પૈકી કોઈ પણ એક સંકલ્પ લઈ આ ઉજવણીને સાર્થક બનાવવા તથા વિકાસમાં સહભાગી થવા અપીલ કરી હતી. સમારંભના પ્રમુખ અને સુરતના પ્રથમ નાગરિક મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ આગામી વર્ષોમાં સુરતના વિકાસને ધ્યાને લઈ નગરજનો માટે પીવાના પાણીની જરૂરીયાત ધ્યાને રાખી તેના જાળવણી અને કરકસર યુકત વપરાશ બાબતે સ્વર્ણિમ સંકલ્પ લેવા માટે અનુરોધ કરી ગુજરાતને ગ્લોબલ સ્ટેટ બજવાની સાથે સુરતને સતત વિકાસને પંથે રાખી રાજયના વિકાસમાં સહભાગી થવા જણાવ્યું હતું. અંતમાં સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી મંજુલાબેન સાવલીયાએ તમામનો સહભાગી થવા બદલ આભાર માન્યો હતો.

શહેરના નામાંકિત કવિઓ ડૉ. મુકુલ ચોકસી, શ્રી મકરંદ મુશળે, કુ. એશા દાદાવાળા, શ્રી મહેશ દાવડકર, શ્રી ગૌરાંગ ઠાકર, શ્રી કિરણ ચૌહાણએ ગુજરાત અને સુરતના વિકાસ ઉપર આધારિત વિવિક મુકતક અને પંકિતઓ રજુ કરી તમામ શ્રોતાઓને આનંદીત કર્યા હતા. આ કવિ સંમેલના સંચાલક ડૉ. મુકુલ ચોકસીએ તેની આગવી છટામાં સુરતના વિકાસ સુરતીઓની ખાવા અને ઉજવણીની ટેવ જેવા વિષય આધારીત કાવ્યો રજુ કર્યા હતા.





ત્યાર બાદ સ્વર્ણિમ ગુજરાત ઉજવણીના પ્રથમ તબકકામાં દરેક ઝોનમાં રાખવામાં આવેલ એક અઠવાડીયાના વિવિધ કાર્યક્રમો / સ્પર્ધા જેવી કે શેરી – મહોલ્લા સફાઈ સ્પર્ધા, સુ.મ.પા.ની વિવિધ કચેરીઓની સફાઈ સ્પર્ધા, શાળા/આંગણવાડીઓની સફાઈ સ્પર્ધા, ચિત્ર/રંગપુરણી સ્પર્ધા, શીઘ્ર વકતૃત્વ સ્પર્ધા, નિબંધ, ચિત્રકામ, વેશભૂષા, એકપાત્રીય અભિનય, ભજન, રંગોળી, લોકગીત, સુલેખન, ગુજરાતી ગીતોની અંતાક્ષરી, કાર્ડ મેકીંગ, વોલ પેઈન્ટીંગ સ્પર્ધાના પ્રથમ વિજેતાઓને ટ્રોફી અને પ્રમાણપત્ર આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ શહેરની શાળા / સંસ્થાઓએ "સ્વર્ણિમ ગુજરાત" થીમ પર આધારિત દેશ ભકિત, પર્યાવરણ બચાવ, જેવી વિવિધ કૃતિઓ રજુ કરી હતી. આ કાર્યક્રમમાં રાત્રે મોડી સુધી શહેરના તમામ નગરજનો મોટી સંખ્યામાં હાજર રહી સ્વર્ણિમ ગુજરાતની ઉજવણીમાં સહભાગી થયા હતા.



TOP

## "સ્વર્ણિમ ગુજરાત વર્ષ – ૨૦૧૦" ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા ૧.૫.૨૦૧૦ના રોજ વિવિધ ઝોનોમાં પ્રભતફેરીનું આયોજન

૧ લી મે ગુજરાતની સ્થાપનાને ૫૦ વર્ષ પુર્ણ થતા હોય, "સ્વર્ણિમ ગુજરાત વર્ષ – ૨૦૧૦" ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૮.૪.૨૦૧૦ થી ૩.૫.૨૦૧૦ દરમ્યાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહયું છે. જે અંતર્ગત તા.૧.૫.૨૦૧૦ના રોજ શહેરના તમામ ઝોનમાં દરેક વોર્ડ માંથી પ્રભાતફેરી નીકળી પુર્વ નિધારીત સ્થળે અકત્રીત થયા હતા. ત્યાર બાદ દરેક ઝોનમાં ઉપસ્થિત મહાનુભાવોએ નગરજનોને સ્વર્ણિમ સંકલ્પ લેવડાવ્યો હતો. પ્રથમ તબકકામાં દરેક ઝોનમાં રાખવામાં એક અઠવાડીયાના વિવિધ કાર્યક્રમ / સ્પર્ધાના દ્વિતિય અને તૃતિય વિજેતાઓને ટ્રોફી અને પ્રમાણપત્ર આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. જે મુજબ સેન્ટ્રલ ઝોનના દરેક વોર્ડ માંથી નીકળેલ પ્રભાતફેરી કિલ્લાના મેદાન ખાતે એકત્રીત થઈ હતી. જયાં શહેરના પ્રથમ નાગરિક મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ ઉપસ્થિત તમામને સ્વર્ણિમ સંકલ્પ લેવડાવ્યો હતો. આ કાર્યક્રમમાં સાંસદશ્રીમતી દર્શનાબેન જરદોશ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, શહેરની વિવિધ શાળાના વિદ્યાર્થીઓ, નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સ્વર્ણિમ ગુજરાતની ઉજવણીમાં સહભાગી થયા હતા.






તદઉપરાંત શહેરમા આવેલ તમામ મહાનુભાવોની પ્રતિમાઓ જેવી કે મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ, ઝવેરચંદ મેઘાણી, સ્વામિ વિવેકાનંદ, છત્રપતિ શિવાજી, ડો.ભીમરાવ આંબેડકર, મોરારજી દેસાઈ, સુભાષચંદ્ર બોઝ, ડો.જગદીશચંદ્ર બોઝ, કવિ નર્મદ વગેરેની પ્રતિમાઓને મહાનુભાવો તથા વોર્ડ સદસ્યશ્રીઓએ સુત્રાંજલિ અર્પણ કરી હતી.

TOP

## "સ્વર્ણિમ ગુજરાત વર્ષ–૨૦૧૦" ની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૦૧/૦૫/૨૦૧૦ના રોજ યોજાયેલ વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/ઉદઘાટનવિધિ



"સ્વર્ણિમ ગુજરાત વર્ષ–૨૦૧૦" ની ઉજવણીની યાદગીરીરૂપે તા.૧/૫/૨૦૧૦ના રોજ સુરત મહાનગરપાલિકા ધ્વારા ૧૬ પ્રોજેકટોની ખાતમુહૂર્તવિધિ તથા ૧૦ પ્રોજેકટોની લોકાર્પણવિધિ રાખવામાં આવી હતી. આ તમામ પ્રોજેકટોનો કુલ ખર્ચ રૂા.૧૪૭૯૮.૬૯ લાખ થયેલ છે. સુરત મહાનગરપાલિકા તથા ધી સધર્ન ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ધ્વારા રીંગરોડ ફાલસાવાડી સ્વર્ણિમ સર્કલ ખાતે શ્રીફળ સાથેના કળશને ગ્રેનાઈટનાં પેડેસ્ટલ પર કાયમી પ્રસ્થાપિત કરી શહેરમાં પ્રવેશનાર વ્યકિતઓ તેમજ રેલ્વે લાઈન પરથી પસાર થતા ટ્રેનના મુસાફરો પણ જોઈ શકે તે રીતે સ્થળ નકકી કરી મુકવામાં આવેલ છે. સ્વર્ણિમ સર્કલની લોકાર્પણવિધિમાં મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, મા.ડે.મેયરશ્રી કિશોરભાઈ કાનાણી, મા. સ્થાયી સમિતિ ચેરમેનશ્રી મુકેશભાઈ દલાલ, મા.શાસકપક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, મા.સાંસદશ્રી દર્શનાબેન જરદોશ, મા. સાંસદશ્રી સી.આર.પાટીલ, મા. ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાલા, મા. ધારાસભ્યશ્રી નાનુભાઈ વાનાણી,મા.કમિશ્નરશ્રી એસ.અર્પણા, મા. જોઈન્ટ પોલીસ કમિશ્નરશ્રી યુ.ડી.જોષી, ડાયમંડ એસોસેશનના મા. પ્રમુખશ્રી રોહિતભાઈ મહેતા, સુરત શહેર ભાજપના પ્રમુખશ્રી પુર્ણેશભાઈ મોદી, મહાનગરપાલિકાની વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ. સદસ્યશ્રીઓ તથા જાહેર જનતા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી. રીંગરોડ ફાલસાવાડી, સુરત ખાતે ધી સર્ધન ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખશ્રી નિલેશભાઈ માંડલેવાલાના વરદહસ્તે સ્વર્ણિમ સર્કલની લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જે અંદાજે રૂા. ૫.૫૦ લાખના ખર્ચે તૈયાર થયેલ છે. આ કળશની ઉંચાઈ ૧૨ ફુટની છે. જે હરિયાળું સુરતના સિધ્ધાંતને પુષ્ટ કરે છે. આઈલેન્ડમાં મુકેલ કળશ રાત્રિના સમય દરમ્યાન હાઈલાઈટ થાય તેના માટે ૬ નંગ ફલડ લાઈટ પણ મુકવામાં આવેલ છે.

**મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાની ઉપસ્થિતિમાં** નવસારી બજાર, રાજેશ્રી હોલની સામે,સુરત ખાતે ૧૫૦ લાખ લીટર ક્ષમતાની ભુગર્ભ ટાકીની ખાતમુહૂર્તવિધિ મા. અધ્યક્ષશ્રી, પાણી સમિતિના શ્રી પ્રવિણભાઈ એમ. પટેલના વરદ હસ્તે કરવામાં આવી હતી. તકતીની અનાવરણવિધિ મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના વરદ હસ્તે કરવામાં આવી હતી. અંદાજે રૂા. ૩૬૧.૭૫ લાખના ખર્ચે થનાર છે. અંડરગ્રાઉન્ડ ટાંકીની ક્ષમતા ૧૫૦ લાખ લીટર, સાઈઝ (બુસ્ટર હાઉસ સહિત) ૪૨.૦૦ × ૬૬.૦૦ મીટર અને ઉંચાઈ ૫.૮૦ મીટર છે. સેન્ટ્રલ ઝોન વોલ સીટી વિસ્તારની ઊંચી નીચી ભૌગોલિક પરિસ્થિત તથા જળ વિતરણ મથકોએથી છેવાડાના અંતરિયાળ વિસ્તારોને લઈ ઘણા વિસ્તારોના ઓછા દબાણે મળતા પાણી પુરવઠાની વર્ષો જુની સમસ્યાની નિરાકરણ આવી શકશે.





સાઉથઈસ્ટ (લિંબાયત) ઝોન, સુરત ખાતે કોમ્યુનીટી હોલની લોકાર્પણવિધિ મા. અધ્યક્ષશ્રી આરોગ્ય સમિતિના શ્રીમતિ સ્મિતાબેન પટેલના વરદહસ્તે કરવામાં આવી હતી. અંદાજે રૂા. ૧,૫૭,૯૯.૪૩૫.૦૦ ના ખર્ચે તૈયાર થયેલ છે. જેનું બાંધકામનું ક્ષેત્રફળ ૧૮૫૫ ચોમી છે. કોમ્યુનીટી હોલમાં ભોંયતળીયે ડાઈનીંગ હોલ, એન્ટ્રન્સ ફોયર, બુકીંગ ઓફિસ, લેડીસ એન્ડ જેન્ટસ ટોયલેટ, કીચન, કીચન સ્ટોર રૂમ, પીવાના પાણીની પરબ, પ્રથમ માળે હોલ, જેન્ટસ એન્ડ લેડીઝ ચેંજીંગરૂમ, જેન્ટસ એન્ડ લેડીઝ ટોયલેટ અને પીવાના પાણીની પરબની વ્યવસ્થા કરવામાં આવેલ છે. કોમ્યુનીટી હોલના લોકાર્પણથી આ વિસ્તારના અંદાજે ૭૦ હજાર લોકો લાભ લઈ શકશે.

સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોન ખાતે ન.પ્રા.શા.ક્રમાંક નં. ૧૩૮(કુમાર) ૧૩૫(કન્યા) લિંબાયત, ડીંડોલી મા.અધ્યક્ષશ્રી, આરોગ્ય સમિતિના શ્રીમતિ સ્મિતાબેન પટેલના વરદહસ્તે પ્રાથમિક શાળાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ન.પ્રા.શાળાના બાંધકામનો રૂા. ૧,૦૫,૬૦, ૦૪૭.૪૭ ખર્ચ થયેલ છે. નગરપ્રાથમિક શાળાના ભોયતળિયે કલાસ રૂમ–૩, પ્રિન્સીપાલ રૂમ–૧, સ્ટાફરૂમ–૧, પ્રથમ માળે કલાસ રૂમ–૫, બીજા માળે કલાસ રૂમ–૫, ત્રીજા માળે કલાસરૂમ–૩, હોલ–૧ તેમજ દરેક માળ પર લેડીઝ,જેન્ટસ સ્ટાફ, ટોયલેટ અને પાણીની પરબની સુવિધા છે. જેના બાંધકામનું ક્ષેત્રફળ ૧૬૧૫ ચોમી છે. નં.પ્રા.શાળાથી આ વિસ્તારના અંદાજે ૭૦,૦૦૦ લોકો લાભ લઈ શકશે.

Continue …

શિવાજી નગર પાસે, ડીંડોલી ખાતે ૯૦ લાખ લીટર ક્ષમતાની ભુગર્ભ ટાંકીનું ખાતમુહૂર્ત મા. અધ્યક્ષશ્રી, પાણી સમિતિના શ્રી પ્રવિણભાઈ એમ. પટેલના વરદહસ્તે કરવામાં આવ્યું હતું. જેનો અંદાજિત ખર્ચ ૩૭૯.૭૦ લાખ થનાર છે. અંડર ગ્રાઉન્ડ ટાંકીની સાઈઝ ૩૫.૪૦ × ૬૪.૮૦ મીટર અને ઊંડાઈ ૪.૭૨ મીટર છે. સુરત શહેરના નવા સમાવિષ્ટ વિસ્તારો માટેના પાણી પુરવઠાના લાંબાગાળાના આયોજન પૈકી નવા સમાવિષ્ટ દક્ષિણ–પૂર્વ વિસ્તારના જેવા કે ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં. ૬૨ (ડીંડોલી), નં. ૬૯(ડીંડોલી), ડીંડોલી ગામતળ જેવા વિસ્તારોમાં સદર ટાંકી ધ્વારા સમગ્ર ડીંડોલીના ૫૫૮.૭૫ હેકટર વિસ્તારની સને ૨૦૨૬ની કુલ અંદાજે ૭૨૫૫૫ની વસતિ માટે ૩ ઓવરહેડ ટાંકી મારફથ પાણી પુરવઠો આપી શકાશે.

ભેસ્તાન, ચાર રસ્તાથી જીયાવ જતા રસ્તા પર સ્વ.શેઠશ્રી નવીનચંદ્ર મફતલાલ ઉદ્યાનની લોકાર્પણવિધિ મા. અધ્યક્ષશ્રી, ગૃહનિર્માણ અને ઉદ્યાન સમિતિના શ્રીમતિ છાયાબેન પરમારના વરદહસ્તે કરવામાં આવી હતી. જેનો અંદાજે ખર્ચ રૂા.૪૧૫ લાખ થયેલ છે. જેનો વિસ્તાર ૯૩૧૮૬ ચોમી છે. જેમાં એશિયાની એક મોટી ઘડિયાળ, બે ફુવારા, ગઝેબો, વોક વે, પ્લે એરિયા, લીલીપુલ, ઝુલતો સસ્પેન્ડેડ બ્રિજ, ટોયલેટ, પરબ અને રમતગમતના સાધનો ધરાવતા આ બાગથી એ વિસ્તારના રહીશોને મનોરંજનનો લાભ મળશે.





**મા. ડે. મેયરશ્રી કિશોરભાઈ કાનાણીની ઉપસ્થિતિમાં** નોર્થ ઝોન(કતારગામ) વિસ્તારમાં કોસાડ **EWS** આવાસ ખાતે એચ–૧ પેકેજમાં પ્રાથમિક શાળાની લોકાર્પણ મા.અધ્યક્ષશ્રી, જાહેર બાંધકામ સમિતિના શ્રી શશીકાંતભાઈ દાળિયાના વરદ હસ્તે કરવામાં આવી હતી. જેનો રૂા. ૫૪.૬૮ લાખનો ખર્ચ થયેલ છે. જેના બાંધકામનું ક્ષેત્રફળ ૧૮૨૦૦.૩૧ ચોફુટ છે. પ્રાથમિક શાળાના ગ્રાઉન્ડ ફ્લોર પર કલાસ રૂમ–૨, પ્રિન્સીપાલ ઓફિસ–૧,સ્ટાફ રૂમ–૧, રીડીંગ રૂમ–૧, યુ.સી.ડી. કેન્દ્ર–૧,આંગણવાડી–૧, સ્ટોર રૂમ–૧, વોચમેન કેબીન–૧, લેડીઝ એન્ડ જેન્ટસ ટોયલેટ બ્લોક –૨, પ્રથમ માળે કલાસરૂમ–૭ , સ્ટોર રૂમ–૧ બીજો માળે કલાસરૂમ–૬, સ્ટોર રૂમ–૧, લેડીઝ એન્ડ જેન્ટસ બ્લોક–૨, ટેરેસ ફ્લોર સ્ટોર રૂમ–૧ છે.



નોર્થ ઝોન(કતારગામ) વિસ્તારમાં **EWS** આવાસ ખાતે એચ–૧ પેકેજમાં વેજીટેબલ માર્કેટની ખાતમુહૂર્તવિધિ મા.અધ્યક્ષશ્રી જાહેર બાંધકામ સમિતિના શશીકાંતભાઈ દાળીયાના વરદહસ્તે કરાવવામાં આવી હતી. જેનો અંદાજે રૂા.૧૦.૫૬ લાખ ખર્ચ થનાર છે.જેના બાંધકામનું ક્ષેત્રફળ ૧૬૨૬.૩૧ ચો.ફુટ છે. આ પ્રોજેકટથી એચ–૧ પેકેજમાં વસવાટ કરતાં અંદાજે ૨૭,૦૦૦ જેટલા રહીશોને, કોસાડ તથા આજુ બાજુના વિસ્તારના રહીશો મહત્તમ લાભ લઈ શકશે. જેમાં ૧.૫૦ મી × ૧.૮૦ મી નો એક એવા કુલ ૫૬ જેટલા અલગ અલગ સ્ટોલનું બાંધકામ થશે.

નોર્થ ઝોન(કતારગામ) વિસ્તારમાં **EWS** આવાસ ખાતે એચ–૩ પ્રાથમિક શાળાની ખાતમુહૂર્તવિધિ મા.અધ્યક્ષશ્રી જાહેર બાંધકામ સમિતિના શશીકાંતભાઈ દાળીયાના વરદહસ્તે કરાવવામાં આવી હતી. જેનો અંદાજે ખર્ચ રૂા. ૬૬.૧૨ લાખનો ખર્ચ થનાર છે. જેના બાંધકામનું ક્ષેત્રફળ ૧૦૨૩૦.૬૧ ચો.ફુટ છે. પ્રાથમિક શાળામાં ગ્રાઉન્ડ તથા પહેલા માળે કલાસ રૂમ–૧૦, પ્રિન્સિપાલ ઓફિસ–૧, સ્ટાફ રૂમ – ૧, સાંસ્કૃતિક રૂમ–૧, કોમ્પ્યુટર રૂમ–૧, લેડીઝ એન્ડ જેન્ટસ ટોયલેટ બ્લોક – ૪ છે.

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં નવા સમાવિષ્ટ વિસ્તારો પ્રકી કોસાડ ખાતે પબ્લીક યુટીલીટી સેન્ટરની ખાતમુહૂર્તવિધિ મા.અધ્યક્ષશ્રી, રૂ.વૈ.રા. અને તં.વ. સમિતિના સતીષભાઈ પટેલના વરદ હસ્તે કરવામાં આવી હતી. આ પ્રોજેકટનો અંદાજે રૂા. ૧૯.૧૦ લાખ ખર્ચ થનાર છે. જેના બાંધકામનું ક્ષેત્રફળ ૨૫૭૯.૯૨ ચો.ફુટ છે. જેમાં ગ્રાઉન્ડ ફ્લોર વોર્ડ ઓફિસ–૧, સ્ટોર રૂમ–૧, રિડીંગ રૂમ–૧ અને ટોયલેટ બ્લોક –૨ નું આયોજન છે. યુટીલીટી સેન્ટરથી આ વિસ્તારના રહીશોને આરોગ્યલક્ષી સુવિધા, સાફ સફાઈની કામગીરી, જંતુનાશક દવાનો છંટકાવ, ઘન કચરાના નિકાલની કામગીરી, ઈજનેરી સેવા, રસ્તા કાર્પેટીંગ, ફુટપાથ રીપેરીંગની કામગીરી વિગેરેની ફરિયાદોનું નિરાકરણ જલ્દી થઈ શકે તે માટે કોસાડ ગામની જુની પંચાયત ઓફિસ નજીક સંકલિત વોર્ડ ઓફિસનું આયોજન કરવામાં આવેલ છે. જેનો લાભ આશરે ૨૫૦૦૦ રહીશોને થશે. પ્રથમ માળે વાંચનાલયનું આયોજન કરેલ છે. જેનો સદર વિસ્તારમાં રહેતા બાળકો તેમજ સિનીયર સીટીઝનો મહત્તમ લાભ મેળવી શકશે.

Continue …

કોસાડ ગુજરાત હાઉસીંગ બોર્ડ ખાતે ૧૫ લાખ લીટર ક્ષમતાની ઓવરહેડ ટાંકીની ખાતમુહૂર્તવિધિ મા.અધ્યક્ષશ્રી, રૂ.વૈ.રા. અને તં.વ. સમિતિના સતીષભાઈ પટેલના વરદ હસ્તે કરવામાં આવી હતી. જેનો અંદાજે રૂા.૧,૮૦,૯૭,૦૦૨.૨૫ પૈસાનો ખર્ચ થનાર છે. ઓવરહેડ ટાંકીની ક્ષમતા ૧૫.૦૦ લાખ લીટરની છે. ઓવરહેડ ટાંકીની ઉંચાઈ ૩૪.૦૦ મીટર છે.

કાકા કાલેલકર બાગ પાસે હનુમાનજી મંદિરની બાજુમાં લીંબાયત સુરત ખાતે તૈયાર થયેલ આંગણવાડીની લોકાર્પણવિધિ મા.અધ્યક્ષશ્રી, કાયદા સમિતિ શ્રી ગેમરભાઈ દેસાઈના વરદ્દહસ્તે કરવામાં આવી હતી. રૂા.૭,૧૦,૦૦૦/–ના ખર્ચે તૈયાર થયેલ આ આંગણવાડીનો લાભ, શીવકૃપા, સંજયનગર વગેરે વિસ્તારના ભૂલકાઓને પ્રાપ્ત થશે. તેમજ તેઓ શ્રી ધ્વારા પરવત વોર્ડ ઓફીસ સામે, પરવત ડીંડોલી મેઈન રોડ, સુરત ખાતે શાંતી કુંજનું લોકાર્પણ કરવામાં આવ્યુ હતું. સદર પ્રકલ્પ રૂા.૯,૨૫,૦૦૦/–ના ખર્ચે તૈયાર કરવામાં આવેલ છે જેનો લાભ પરવત–ગોડાદરા વિસ્તારના વયસ્ક નાગરિકોને મળશે. આસપાસ દાદાના મંદિર પાસે આવેલ ભાતીગળ તળાવના નવસર્જન કરવાની ખાતમુહૂર્તવિધિ આજ રોજ સંપન્ન થઈ. આ પ્રકલ્પ પૂર્ણ થતા આ વિસ્તારના વિકાસ તેમજ મનોરંજનમા મહત્તમ લાભ થશે.

**મા. સ્થાયી સમિતિના અધ્યક્ષ શ્રી મુકેશભાઈ દલાલની ઉપસ્થિતિમાં** અડાજણ વિસ્તારમાં છત્રપતિ શીવાજી માર્ગ, રંગીલા સર્કલ પાસે, અંદાજે રૂા.૧૨ લાખના ખર્ચે તૈયાર થનાર રીડીંગ રૂમની ખાતમુહૂર્તવિધિ સંપન્ન મા.અધ્યક્ષશ્રી, ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિ શ્રીમતિ છાયાબેન પરમારના વરદહસ્તે સંપન્ન થઈ. સદર પ્રકલ્પ અંદાજે ચાર માસના ટૂંકાગાળામાં સાકારિત થનાર છે. જેના થકી આ વિસ્તારના જ્ઞાનપીપાસુ લોકોની વાંચનભૂખ સંતોષાશે. તેમજ તેઓશ્રી ધ્વારા રાંદેર ખાતે આઈ. એન. ટેકરાવાલા સ્કુલ પાસે અંદાજે રૂા.૬,૩૪,૦૦૦/–ના ખર્ચે તૈયાર થનાર ઉદ્યાનની ખાતમુહૂર્તવિધિ સંપન્ન થઈ હતી. જેના થકી આ વિસ્તારના વ્યસ્ક નાગરિકોને શાંતીકુંજની સગવડ પ્રાપ્ત થશે.

તેમજ સચીન હજીરા રોડ પર મગદલ્લા ખાતે હયાત તળાવના નવસર્જન કરી વિકાસ કરવાના કામની ખાતમુહૂર્તવિધિ શ્રી પ્રકાશભાઈ રાજપૂત, મા. અધ્યક્ષશ્રી, ગટર સમિતિના વરદહસ્તે સંપન્ન થઈ હતી. "રીવાઈવલ ઓફ વોટર બોડીઝ એન્ડ એન્હેન્સમેન્ટ ઓફ અર્બન લેન્ડસ્કેપ" પ્રોજેકટ અંતર્ગત રૂા.૬૪ લાખના ખર્ચે સંપન્ન થશે જેના થકી આ વિસ્તારના નાગરિકોના મનોરજંન તેમજ પર્યાવરણની જાળવણીનો હેતુ સાકાર થશે. તેઓ શ્રી ધ્વારા સુરત ડુમસ રોડ પર વાય જંકશન પાસે બી. આર. ટી. એસ. પ્રકલ્પની ખાતમુહૂર્તવિધિ સંપન્ન થઈ. જેની લંબાઈ ૮.૭૫ કી.મી. છે તેમજ ૧૮ માસના ટૂકાં ગાળામાં ૮૬.૭૦ કરોડના ખર્ચે આ પ્રકલ્પના અમલીકરણથી આ વિસ્તારમાં આવેલ નાગરિકોની પરીવહન સમસ્યા હળવી થશે.

ઉધના ખાતે આવેલ સુમન શાળાનાં ૬,ની બાજુમાં વિજયાનગર ખાતે વાંચનાલયની ખાતમુહૂર્તવિધિ મા. અધ્યક્ષ શ્રીમતિ સુશીલાબેન હટકર, સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિના વરદહસ્તે સંપન્ન થઈ. ૧૩૦.૮૪ ચો. મીટરના બાંધકામ ક્ષેત્રફળમાં રીડીંગ હોલ ૯.૦ × ૯.૦ મી. , ટોયલેટ બ્લોક, વિકલાંગ ટોયલેટ તેમજ વિકલાંગ રેમ્પ રૂા.૯ લાખના ખર્ચે ૪ માસના ટૂંકા ગાળામાં સાકાર થશે. જેના થકી સ્લમ વિસ્તારના નાગરિકની વાંચનભૂખ સંતોષાશે.

**મા.શાસકપક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલની ઉપસ્થિતિમાં** વરાછા ઝોનમાં પુણાગામ ખાતે આવેલ તળાવના વિકાસની ખાતમુહૂર્તવિધિ મા.અધ્યક્ષશ્રી લાઈટ એન્ડ ફાયર સમિતિના શ્રી વજુભાઈ સુહાગીયાના વરદહસ્તે કરવામાં આવી હતી. જેનો અંદાજે રૂા. ૩૮,૫૦,૧૯૫.૦૦ પૈસા ખર્ચ થનાર છે. આ તળાવના વિકાસથી રિક્રિએશન અને ગાર્ડનનો લાભ એ વિસ્તારના રહીશોને મળશે. તેમાં મુખ્ય પ્રવેશદ્વાર, કંપાઉન્ડ વોલ, પેવર બ્લોકનો વોક વે, તળાવની ફરતે રેલીંગ બનાવવામાં આવશે.




વરાછા ઝોનમાં સવજી કોરાટ બ્રિજ પાસે સીમાડા રોડ, પુણાગામમાં બીઆરટીએસની ખાતમુહૂર્તવિધિ મા.અધ્યક્ષશ્રી, નગરનિયોજન સમિતિના શ્રી દિનેશભાઈ જોધાણી કરવામાં આવી હતી. જે પ્રોજેકટનો અંદાજે રૂા. ૩૪.૭૨ કરોડ ખર્ચ થનાર છે. બીઆરટીએસ કોરીડોરની કુલ લંબાઈ ૨.૦૫ કીમી છે. જેમાં સીસી રોડ, બીટુમીનસ રોડ, ઈન્ટર સેકશન પર પેવર બ્લોકસ વિગેરે, મીડીયન, બસલેન્ડ, કેરેજ વે, સાયકલ ટ્રેક, એકટીવીટી એરિયા/પેડેસ્ટ્રીયન પાથ/ડ્રેઈન/પાર્કિંગ, સર્વિસ લેન યુટીલીટી, કેનાલ લાઈનીંગ એન્ડ ડેવલોપમેન્ટ અને કેનાલ સ્ટ્રકચર, અદ્યતન બસ સ્ટોપ્સની સુવિધાઓ કરવામાં આવશે.

**Continue …**

વરાછા ઝોનમાં વરાછા ખાડી પર ફલડ કંટ્રોલ સ્ટ્રકચરની ખાતમુહૂર્તવિધિ મા.અધ્યક્ષશ્રી, નગરનિયોજન સમિતિના શ્રી દિનેશભાઈ જોધાણી કરવામાં આવી હતી. જેનો અંદાજે રૂા. ૬૮૦ લાખના ખર્ચ થનાર છે. જેમાં ફલડ કંટ્રોલ સ્ટ્રકચરની લંબાઈ ૫૫.૦૦ મીટર(ટોપ) અને ૩૫.૦૦ મીટર(બોટમ), પહોળાઈ ૨૩.૫૦ મીટર(બોટમ), રોડની પહોળાઈ ૧૧.૫૫ મીટર, લેવલ ૧૭.૫૦ મીટર આર.એલ. ઊંચાઈ ૧૯.૫૦ મીટર ક્રેસ્ટ લેવલ સુધી, ૨૬.૦૦ મીટર હોઈસ્ટ લેવલ સુધી, પુર રોકવાની ક્ષમતા ૮ લાખ કયુસેકસ, આર.એલ. ૧૭.૧૫ મીટર, ગેટની સંખ્યા–૪, ગેટની સાઈઝ ૪ × ૪ મીટર, ગેટનું કુલ વજન ૧૬૧.૮૭ મે.ટન છે.

વરાછા ઝોન ખાતે ટી.પી.સ્કીમ નં. ૨૦ (નાના વરાછા) ફા. પ્લોટ નં. ૧૧૨, ક્રિષ્ના ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, કાપોદ્રા ચાર રસ્તા પાસે શાંતિવનની ખાતમુહૂર્ત વિધિ મા. અધ્યક્ષશ્રી, સમાજ કલ્યાણ, આનંદ, પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ, શ્રીમતિ મંજુલાબેન સાવલિયાના વરદહસ્તે કરવામાં આવી હતી. જેનો અંદાજે ખર્ચ રૂા. ૭,૯૬,૫૩૫.૦૦ નો ખર્ચ થનાર છે. જેનો વિસ્તાર ૧૬૭૨ ચોમી છે. જેનો હેતુ સિનિયર સીટીજન માટે શાંતિવન બનાવવાનો છે. જેમાં કંપાઉન્ડ વોલ, પેવર બ્લોકનો વોક વે, ગઝેબો અને ટોયલેટ બ્લોકની સુવિધા કરવામાં આવશે.

વરાછા ઝોન ખાતે આવેલ ટી.પી. ૧૭(ફુલપાડા), ફા.પ્લોટ નં.૭૫, બોમ્બે કોલોની ખાતેની પ્રા.શાળા નં. ૯૪ થી ૯૬ના કંપાઉન્ડમાં આંગણવાડીની લોકાર્પણવિધિ મા. અધ્યક્ષશ્રી, લાઈટ અને ફાયર સમિતિના શ્રી વજુભાઈ સુહાગીયાના વરદહસ્તે કરવામાં આવી હતી. જે પ્રોજેકટનો ખર્ચ રૂા. ૪,૫૩,૦૦૦.૦૦ થયેલ છે. જેના બાંધકામનુ ક્ષેત્રફળ ૭૨.૦૦ ચો.મી. ( ૭૭૪.૭૨ ચો ફુટ) છે. જેમાં ૫૦ બાળકો એક સાથે બેસીને, ભણી શકે તે મુજબની સુવિધાનો કલાસરૂમ–૧ બનાવવામાં આવેલ છે.

વરાછા ઝોન ખાતે આવેલ ટી.પી. ૧૬(કાપોદ્રા), ફા.પ્લોટ નં.૪૭, સાગર સોસાયટી પાસે આવેલ **EWS** આવાસના કંપાઉન્ડમાં આંગણવાડીની લોકાર્પણવિધિ મા. અધ્યક્ષશ્રી, સમાજ કલ્યાણ, આનંદ, પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ, શ્રીમતિ મંજુલાબેન સાવલિયાના વરદહસ્તે કરવામાં આવી હતી. જે પ્રોજેકટનો ખર્ચ રૂા. ૧૧,૩૦,૫૦૦.૦૦ થયેલ છે. જેના બાંધકામનુ ક્ષેત્રફળ ૧૦૭.૦૦ ચો.મી. ( ૧૧૬૨.૦૮ ચો ફુટ) છે. જેમાં ૫૦ બાળકો એક સાથે બેસીને, ભણી શકે તે મુજબની સુવિધાનો કલાસરૂમ–૧ ચોકડી તેમજ બાથરૂમની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

વરાછા ઝોન ખાતે આવેલ ટી.પી. ૧૬(કાપોદ્રા), ફા.પ્લોટ નં.૪૬, મરઘા કેન્દ્ર પાસે આવેલ **EWS** આવાસના કંપાઉન્ડમાં આંગણવાડીની લોકાર્પણવિધિ મા. અધ્યક્ષશ્રી, સમાજ કલ્યાણ, આનંદ, પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ, શ્રીમતિ મંજુલાબેન સાવલિયાના વરદહસ્તે કરવામાં આવી હતી. જે પ્રોજેકટનો ખર્ચ રૂા. ૧૧,૩૦,૫૦૦.૦૦ થયેલ છે. જેના બાંધકામનુ ક્ષેત્રફળ ૧૦૭.૦૦ ચો.મી. (૧૧૬૨.૦૮ ચો ફુટ) છે. જેમાં ૫૦ બાળકો એક સાથે બેસીને, ભણી શકે તે મુજબની સુવિધાનો કલાસરૂમ–૧ ચોકડી તેમજ બાથરૂમની વ્યવસ્થા કરવામાં આવેલ છે.



વધુમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા આજે સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાક દરમ્યાન એસવીએનઆઈટીના ગેટથી ઉધના દરવાજા, રીંગરોડ, સુરત સુધી "વિકસતા સુરત" નું ટેબ્લોઝ પ્રદર્શન આયોજિત કરવામાં આવેલ. જેનાથી લોકો ઘણા પ્રભાવિત થયા હતા.

TOP

## ''સ્વર્ણિમ ગુજરાત વર્ષ–૨૦૧૦'' ની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૦૧/૦૫/૨૦૧૦ના રોજ સાંજે ૬.૦૦ કલાકે યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમ





૧ લી મે ગુજરાતની સ્થાપનાને ૫૦ વર્ષ પુર્ણ થતા હોય, ''સ્વર્ણિમ ગુજરાત વર્ષ – ૨૦૧૦'' ની ઉજવણી અંતર્ગત સુરત શહેર સ્વર્ણિમ ગુજરાત ઉજવણી સમિતિ સાથે પરામર્શ કરી નકકી થયા મુજબ સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૮.૪.૨૦૧૦ થી ૩.૫.૨૦૧૦ દરમ્યાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત તા.૧.૫.૨૦૧૦ના રોજ સાંજે ૬.૦૦ કલાકે અન્નપુર્ણા માતાના મંદિર બાજુમાં, નદી કિનારા તરફ, અડાજણ હજીરા મેઈન રોડ, ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ, અમદાવાદ ખાતે યોજાયેલ રાજયકક્ષાના મેગા ઈવેન્ટનું જીવંત પ્રસારણ અને આતશબાજીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સમારંભની શરૂઆતમાં આકાશ માંથી પુષ્પવૃષ્ટિ કરી વાતાવરણને પુષ્પથી સુંગધીત બનાવ્યુ હતું. કલેકટરશ્રી એ.જે.શાહએ ઉપસ્થિત તમામને આવકારી સ્વર્ણિમ ગુજરાત વર્ષની ઉજવણીમાં સહભાગી થવા બદલ આભાર માન્યો હતો. સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલે સુરતના અવિરત વિકાસનો ઉલ્લેખ કરી ભવિષ્યમાં પણ આ વિકાસગાથા ચાલુ રહેવાની ખાતરી આપી હતી. ડે.મેયરશ્રી કિશોરભાઈ કાનાણીએ શહેરના નગરજનોને સ્વર્ણિમ સંકલ્પો પૈકી કોઈ પણ એક સંકલ્પ લઈ તેનો અમલ કરવા નગરજનોને જણાવ્યું હતું. સમારંભના અધ્યક્ષશ્રી અને શહેરના પ્રથમ નાગરીક મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ આજ થી શરૂ થયેલા સ્વર્ણિમ ગુજરાતના નવા વર્ષ દરમ્યાન શહેરના વિકાસ માટે સફાઈ, આરોગ્ય, શિક્ષણ અને પર્યાવરણ જેવા વિવિધ ક્ષેત્રોમાં સહભાગી થવા ૧૦૦ કલાકનો સમયદાન આપવા તમામ નગરજનોને વિનંતી કરી હતી. ત્યારબાદ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ગુજરાતની વિકાસગાથા આધારીત કૃતિઓ રજુ થઈ હતી. જેમાં સુરત મહાનગરપાલિકાના મહિલા સદસ્યશ્રીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ કૃતિનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ અમદાવાદ ખાતે યોજાયેલ રાજયકક્ષાના મેગા ઈવેન્ટના જીવંત પ્રસારણની શરૂઆત ગુજરાત રાજયના મા.મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વકતવ્યથી થઈ હતી. ત્યારબાદ સ્થાપના દિન નિમિત્તે તૈયાર કરવામાં આવેલ વંદે ગુજરાતના વિશિષ્ટ કાર્યક્રમનું જીવંત પ્રસારણ મુખ્ય સમારંભ સ્થળે રાખવામાં આવેલ મોટા ત્રણ ટી.વી. સ્ક્રીન ઉપરથી કરવામાં આવ્યુ હતું. જેનું ઉપસ્થિત તમામ મહાનુભાવો અને નગરજનોએ ઉત્સાહથી આ જીવંત પ્રસારણ માણ્યુ હતું. ઉપરાંત દરેક ઝોનમાં નિર્ધારીત કરેલ સ્થળોથી પણ જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું. જેને પણ શહેરના નગરજનોએ મોટી સંખ્યામાં નિહાળ્યુ હતું. જીવંત પ્રસારણના અંતમાં અમદાવાદ ખાતે આતશબાજીની શરૂઆત થઈ તે જ સમયે અત્રે સુરતમાં પણ સમારંભના સ્થળે સુરત મહાનગરપાલિકાએ ભવ્ય આતશબાજીનો પ્રોગ્રામ રાખ્યો હતો જેને પણ હાજર તમામે નિહાળી હતી. આમ સુરત મહાનગરપાલિકાએ ગુજરાતની સ્થાપનાના નવા વર્ષનો રંગેચંગે શુભારંભ કરાવ્યો હતો. સમારંભમાં મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, મા.સાસંદશ્રીમતી દર્શનાબેન જરદોશ, મા.સાસંદશ્રી સી.આર.પાટીલ, ધારાસભ્યશ્રી નાનુભાઈ વાનાણી, શ્રી કિશોરભાઈ વાંકાવાલા, ડે.મેયરશ્રી કિશોરભાઈ કાનાણી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, શાસકપક્ષ નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, મ્યુ.કમિશનરશ્રી કુ.એસ.અપર્ણા, કલેકટરશ્રી એ.જે.શાહ, જીલ્લા વિકાસ અધિકારીશ્રી જે.બી.વોરા, સુરત રેન્જના આઈ.જી.શ્રી એ. કે. સિંઘ, જોઈન્ટ પોલીસ કમિશનરશ્રી ઉદય જોષી, ડી.એસ.પી.શ્રી કે.એલ.ભાટી, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી મંજુલાબેન સાવલીયા, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, મ્યુ. અધિકારીશ્રીઓ, આમંત્રીતો અને નગરજનો માટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

TOP

## ''સ્વર્ણિમ ગુજરાત વર્ષ–૨૦૧૦'' ની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૦૨/૦૫/૨૦૧૦ના રોજ યોજાયેલ ''સ્વર્ણિમ દોડ''

૧ લી મે ગુજરાતની સ્થાપનાને ૫૦ વર્ષ પુર્ણ થતા હોય, ''સ્વર્ણિમ ગુજરાત વર્ષ – ૨૦૧૦'' ની ઉજવણી અંતર્ગત સુરત શહેર સ્વર્ણિમ ગુજરાત ઉજવણી સમિતિ સાથે પરામર્શ કરી નકકી થયા મુજબ સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૮.૪.૨૦૧૦ થી ૩.૫.૨૦૧૦ દરમ્યાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત તા.૨.૫.૨૦૧૦ના રોજ સવારે ૭.૩૦ કલાકે ''સ્વર્ણિમ દોડ'' નું આયોજન વરાછા હેલ્થ સેન્ટર, વૈશાલી સિનેમા પાસે, વરાછા રોડ ખાતે કરવામાં આવ્યું હતું. ૧૬ વર્ષથી ૬૦ વર્ષના પુરૂષ સ્પર્ધકોની દોડનો શુભારંભ આ સ્થળેથી, ધારાસભ્યશ્રી નાનુભાઈ વાનાણી, ડે.મેયરશ્રી કિશોરભાઈ કાનાણી, શાસકપક્ષ નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, સુરત ડાયમંડ એસોસીએશનના પ્રમુખશ્રી રોહિતભાઈ મહેતા વિગેરેએ લીલી ઝંડી બતાવી કરાવ્યો હતો. જયારે અન્ય ગ્રુપમાં ૧૫ વર્ષ સુધીના બાળકો તમામ મહિલાઓ અને શહેરના વરિષ્ઠ નાગરિકો માટેની દોડનો શુભારંભ, મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, સાંસદશ્રી દર્શનાબેન જરદોશ, મ્યુ.કમિશ્નરશ્રી કુ. એસ. અપર્ણા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી મંજુલાબેન સાવલીયા વિગેરેએ લીલી ઝંડી બતાવી સરદાર ચોક, આયસર મોટર્સ પાસેથી કરાવ્યો હતો. આ દોડનું એન્ડીંગ પોઈન્ટ કાપોદ્રા પોલીસ સ્ટેશન વરાછા રોડ ખાતે રાખવામાં આવેલ હતો. દોડના તમામ વિજેતાઓનો ઈનામ વિતરણ સમારોહ ધારૂકાવાલા કોલેજ કંપાઉન્ડ, વરાછા રોડ ખાતે યોજવામાં આવ્યો હતો. જે તે વય ગ્રુપમાં નીચેની વિગત મુજબ વિજેતાઓ બન્યા હતા જેમને ટ્રોફી અને પ્રમાણપત્ર આપી સન્માનીત કર્યા હતા.





| વિજેતા ક્રમ | પુરૂષ વિભાગ | | |
|---|---|---|---|
| | ૭ થી ૧૫ વર્ષ | ૧૬ થી ૬૦ વર્ષ | ૬૦ વર્ષથી ઉપરના વરિષ્ઠ નાગરીકો |
| પ્રથમ | જલ્પેશ વાઘેલા | મયંક એસ. સેલર | ઈશ્વરભાઈ પી. પટેલ |
| દ્વિતિય | સમીર સેલર | જતીન બી. નાવીક | નરેશભાઈ એસ. ટાલીયા |
| તૃતિય | કરણ સેલર | અજય અન. લકુમ | હરીભાઈ એમ. પટેલ |
| વિજેતા ક્રમ | સ્ત્રી વિભાગ | | |
| | ૭ થી ૧૫ વર્ષ | ૧૬ થી ૬૦ વર્ષ | ૬૦ વર્ષથી ઉપરના વરિષ્ઠ નાગરીકો |
| પ્રથમ | કૃતિકા કે. કહાર | ઉર્વશી રમેશચંદ્ર સારંગ | બકુલાબેન આર. પટેલ |
| દ્વિતિય | ઝીલ ડી. શાહ | ઉપાસના હિતેન્દ્ર રાંદેરીયા | હસાંબેન જી. મૈસુરીયા |
| તૃતિય | ગોપી આર. ભોજાણી | પ્રિયંકા ધર્મેન્દ્રભાઈ સેલર | કુમુદબેન એમ. પટેલ |

આ ''સ્વર્ણિમ દોડ'' માં મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, મા.સાસંદશ્રીમતી દર્શનાબેન જરદોશ, ધારાસભ્યશ્રી નાનુભાઈ વાનાણી, ડે.મેયરશ્રી કિશોરભાઈ કાનાણી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, શાસકપક્ષ નેતાશ્રી, ભીમજીભાઈ પટેલ, મ્યુ.કમિશ્નરશ્રી કુ.એસ.અપર્ણા, સુરત ડાયમંડ એસોસીએશનના પ્રમુખશ્રી રોહિતભાઈ મહેતા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી મંજુલાબેન સાવલીયા, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, મ્યુ. અધિકારીશ્રીઓ, આમંત્રીતો અને નગરજનો માટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

TOP